શેરથામાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા પાંચ શકુનીઓ પકડાયા

અડાલજ પોલીસે રોકડ પાંચ હજારના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૪

અડાલજ થી કલોલ જવાના રસ્તા પર આવેલા શેરથા ગામમાં ગઈકાલે બપોરે કેટલાક શકુનિઓ ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હોવાની બાતમી પોલીસને મળી હતી. આ બાતમીના આધારે બપોરે અડાલજ પોલીસની ટીમે દરોડો પાડી પાંચ શકુનિઓને જુગાર રમતા રંગેહાથ પકડી પાડયા હતા. પોલીસે રૂ. પાંચ હજારનો રોકડ મુદ્દામાલ જપ્ત કરી પાંચેય સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસ મથકના ઇન્ચાર્જ પીઆઇ એસ.બી.પઢેરીયાની સૂચનાથી તેમની સર્વેલન્સ ટીમ ગઈકાલે બપોરે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન આ ટીમને બાતમી મળી હતી કે શેરથા ગામમાં ચેલાજી સુરાજીના વાસમાં ખુલ્લેઆમ વખડીના ઝાડ નીચે કેટલાક શખ્સો ટોળુ વળીને બાજી માંડીને બેઠા છે. આ બાતમીના આધારે અડાલજ પોલીસની સર્વેલન્સ ટીમ તાત્કાલિક બાતમી વાળા સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે બાતમી વાળા સ્થળે દરોડો પાડતા જુગારીઓ દોડતા થઇ ગયા હતા જો કે પોલીસે કોર્ડન કરીને તમામ પાંચ જુગારીઓને પકડી પાડયા હતા. અડાલજ પોલીસની ટીમે શેરથા ગામના ભીખા ઉર્ફે રાજા મંગાજી ઠાકોર, દિલીપ ખોડાજી ઠાકોર, બેચર મંગાજી ઠાકોર, બળદેવ ઉર્ફે ભગો રમણભાઈ પ્રજાપતિ અને વિક્રમ પોપટજી ઠાકોર મળીને પાંચ શકુનીઓની ધરપકડ કરી લીધી હતી. પોલીસે તેમની પાસેથી રોકડ રૂ.૪૮૭૫ નો મુદ્દામાલ જપ્ત કરીને તેમની સામે જુગારધારાના ગુના હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

એક વર્ષથી નાસતો ફરતો બુટલેગર કડી પાસેથી પકડાયો

કડીના આલમપુર ગામમાંથી એસઓજીની ટીમે બુટલેગરને ઝડપી લીધો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસઓજીની ટીમે ચોક્કસ બાતમીના આધારે અડાલજ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં એક વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને

કડી તાલુકાના આલમપુર નજીકથી પકડી પાડયો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે તેને દબોચી લઇ તેની અટકાયત કરી અડાલજ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર એસઓજી પીઆઇ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આવા આરોપીઓની યાદી બનાવી તેમને પકડી પાડવા બાતમીદારો સક્રિય કર્યા છે. દરમિયાન પી.એસ.આઇ વી.કે.રાઠોડની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહ તથા કોન્સ્ટેબલ વિષ્ણુભાઈને ખાનગી રાહે સંયુક્ત બાતમી મળી હતી કે અડાલજ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો મહેસાણા જિલ્લાના કડી તાલુકાના આલમપુર વિસ્તારનો આરોપી શાહ હુસેન ઉર્ફે શાહનવાજ ઉર્ફે ગાભુ ગોરેમીયા સૈયદ તેના ગામમાં હાજર છે. આ બાતમીના આધારે એસ.ઓ.જીની ટીમ આલમપુર ગામમા વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને આરોપીને ગામમાંથી દબોચી લેવામાં આવ્યો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે આ એક વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત કરી અડાલજ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

બંદોબસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક્ઝિબિશન સેન્ટરના બંદોબસ્તની વહેંચણી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા તમામ પોલીસને સ્ક્રીનમાં લાઈવ ડેમો બતાવીને બંદોબસ્ત ફાળવે છે જેને પગલે નવા પોલીસ કર્મીઓને શહેરની ભૌગોલિક સ્થિતિ સમજવામાં તકલીફ ન પડે..! વાઈબ્રન્ટ સમિટમાં પ્રથમવાર આ પ્રકારે તબક્કાવાર પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને બોલાવીને બંદોબસ્તની વહેંચણી કરવામાં આવતા એક જ દિવસે તમામ સુરક્ષા કર્મીઓને બોલાવવાની જરૂર રહેશે નહીં. જેને પગલે કોઈ અવ્યવસ્થા પણ સર્જાશે નહી. આગામી દિવસોમાં રાજભવન અને મહાત્મા મંદિરની આસપાસના બંદોબસ્તની સ્કિમની ફાળવણી કરવામાં આવશે. બંદોબસ્તની વહેંચણી બાદ તમામ પોલીસ અધિકારી-કર્મચારીઓને તેમના મોબાઈલ પર મેસેજ મારફતે પોઈન્ટ મોકલી દેવામાં આવશે.

બંધ રાખવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવનાર છે. ત્યારે પરીક્ષાને અનુલક્ષી તંત્ર પુર્વ તૈયારીઓ પણ કરી લીધી છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૨૮ હજાર જેટલા ઉમેવાદો લોકરક્ષકની પરીક્ષા આપશે. જિલ્લાના ૯૦ કેન્દ્રો પર પરીક્ષાની બેઠક વ્યવસ્થા વિવિધ બ્લોકમાં ગોઠવવામાં આવી છે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે આસપાસના ઝેરોક્ષ સેન્ટરો પણ બંધ રાખવા માટે સુચના આપી દેવામાં આવી છે. સામાન્ય રીતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષા દરમિયાન પણ પરીક્ષા કેન્દ્રો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા કડક અમલવારી કરવામાં આવે છે. જયારે સ્પર્ધાત્મક પરીક્ષાને ધ્યાને લઈને પણ હવે ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા માટે સુચના જારી કરાઈ છે.લોકરક્ષકની પરીક્ષાને અનુલક્ષીને પણ આ નિર્ણય લેવાતા હવે કેન્દ્રો આસપાસ સેન્ટરો બંધ રહેશે.

જોખમી આવાસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વસવાટ પણ શરૂ થઈ ગયો છે. પરંતુ સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના મકાનો જોખમી હોવાનુ ધ્યાને આવતા અન્ય મકાનો પણ તોડી નાંખવા માટે નિર્ણય લેવાયો છે. સેકટરોમાં જોખમી મકાનો ખાલી કરાવવામાં આવી રહ્યા છે. ત્યારે સે-૬ ડી માં પણ નવી આવાસ યોજના તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે. જેને અનુલક્ષી સેકટરમાં ચ -૧ કક્ષાના મકાનો પણ તોડવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. સેકટરમાં અંદાજિત ૩૦૦ જેટલા મકાનો તોડી નાંખવામાં આવશે. આ માટે કામગીરી ઝડપથી પુર્ણ કરી દેવાશે ત્યારે બાદ ખુલ્લી થયેલી જગ્યામાં બી અને સી કક્ષાના નવા આવાસો તૈયાર કરાશે હાલ આ મકનો તોડવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ નાયબ મુખ્યમંત્રી પણ નવા આવાસો તૈયાર કરવાના મામલે સ્થળ મુલાકાત માટે આવ્યા હતા. નવા આવાસો બાંધવા માટે લાંબા સમયના અંતે નિર્ણય લેવાયો છે.

સુવિધા નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે ૯૩૮૧ શૌચાલયો ભારત સરકારની ગ્રાન્ટમાંથી બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગ્રામીણ વિસ્તારોને ઓ.ડી.એફ.ના મોનીટરીંગ માટે નિગરાની સમિતિઓ પણ રચવામાં આવી છે અને અસરકારક રીતે અમલ થઈ રહ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આગામી નાણાંકીય વર્ષના અંત સુધીમાં આ તમામ મકાનો આવરી લેવામાં આવશે. ધીમી ગતિએ ચાલતા આ કામમાં હાલ ગતિ આવી હોવાનું પણ કબુલ્યુ છે.

ઉત્તરાયણ પછીની લગ્ન સીઝનના વરઘોડિયાં અત્યારે પ્રિ-વેડીંગ શુટમાં વ્યસ્ત..!!!

શહેરના સ્વર્ણિમ પાર્કથી માંડીને સરિતા ઉદ્યાન ખાતે પ્રિ-વેડીંગ શુટીંગ કરાવતા લગ્નોત્સુક યુગલોની ભરમાર

ગાંધીનગર, તા. ૪

અત્યારે કમુરતાં ચાલી રહ્યાં છે પરંતુ ઉત્તરાયણ પછી તરત જ શહેરમાં લગ્નસરાંની મૌસમ પુરબહારમાં ખિલી ઉઠશે તેટલી સંખ્યામાં શહેરમાં લગ્ન સમારંભોના આયોજન થયેલાં જોવા મળી રહ્યાં

છે. હાલ તો શહેરના ઘ-૪ ખાતેના સ્વર્ણિમ પાર્કથી માંડીને સરિતાઉદ્યાન સુધી આ લગ્નસમારંભોના વરઘોડિયાં પ્રિ-વેડીંગ ફોટો શુટ કરાવતા જોવા મળી રહ્યાં છે.

આજના યુગમાં લગ્ન સમારંભના ક્લેવર બદલાઈ રહ્યાં અને એક સમયે જ્યાં લગ્નના ફોટો આલ્બમ કે વિડીયો કેસેટ્સની બોલબાલા હતી તેનું આન હવે સોશ્યલ મિડીયા પર પ્રિ-વેડીંગ શુટને અપલોડ કરવાના ટ્રેન્ડે લઈ લીધુ છે. પહેલાના સમયમાં તો વરઘોડીયાં પરણીને ઘરે આવે ત્યાં સુધી એકબીજાનું મ્હોં જોવા નહોતા પામતા તેના બદલે આજના યુગલો લગ્ન પહેલા પ્રગાઢ પ્રેમમાં ચકચુર બન્યાં હોય તેવા ફોટો-વિડીયો શુટ કરી તેને પોતાના સોશ્યલ મિડીયા પર અપલોડ કરવામાં લગ્ન અગાઉના એક પખવાડિયામાં વ્યસ્ત બને છે. પ્રિ-વેડીંગ ફોટો-વિડિયો શુટીંગના વિવિધ પેકેજીસ માર્કેટમાં જોવા મળે છે જેમાં વિવિધ ડેસ્ટિનેશન અને થીમ આધારિત શુટીંગ કરવામાં આવે છે. પરણવા જઈ રહેલા યુગલો બાકાયદા ફિલ્મી હિરો-હિરોઈનની જેમ જંગલોમાં કે ઐતિહાસિક સ્થળોએ ગીતો ગાતા અને પ્રણય ચેષ્ટાઓ કરતા હોય તેવા શુટિંગ કરવામાં આવે છે, તે માટે અલગ અલગ ડ્રેસીંગ અને મેક અપ વગેરેના ખર્ચા પણ કરવામાં આવે છે.

ઉત્તરાયણ પછી થોડાક દિવસો માટે જ પ્રાપ્ત થઈ રહેલા લગ્નો માટે શુભ મુહૂર્તોમાં શહેરમાં અઢળક લગ્નોના આયોજનો થવા પામ્યાં છે. જેમાં લગ્નગ્રંથીથી જોડાવાં જઈ રહેલા યુગલો શેરના ઘ-૪ ખાતેના સ્વર્ણિમ પાર્ક, સે. ૧ના તળાવ, પુનિતવન, સરિતા ઉદ્યાન ઉપરાંત અડાલજની વાવ, અંબાપુરની વાવ જેવા ઐતિહાસિક સ્થળોએ શુટિંગમાં વ્યસ્ત જોવા મળી રહ્યાં છે.

પ્રાંતિજ-તલોદ ખાતે ગુજરાત કિસાનસભા અને ખેડૂતો દ્વારા આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ-તલોદમાં ખાલી પડેલ તળાવોમાં પાણી ભરવા માંગ કરી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ ખાતે ગુજરાત કિસાન સભા સાબરકાંઠા જિલ્લા સમિતિ તથા પ્રાંતિજ-તલોદ તાલુકાના ખેડૂતો દ્વારા પ્રાંતિજ-તલોદ તાલુકાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અને તળાવો ભરવા આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

પ્રાંતિજ-તલોદ ખાતે ગુજરાત કિસાન સભા દ્વારા બાઈક રેલી યોજી તો કિસાનોની વિવિધ માગણીઓ જેવી કે ખેડૂતો અને ખેતમજુરોની તમામ પ્રકારના દેવા નાબુદ કરો, ખેડૂતો, ખેતમજુરો અને કામદારોને માસીક રૂ. ૫૦૦૦ પેન્શન આપો, પ્રાંતિજ-તલોદ ખાતે ખાલી પડેલ તળાવોમાં

પાણી ભરો વગેરે માંગો સાથે તલોદ ખાતે ગુજરાત કિસાન સભા અને તલોદ તાલુકાના ખેડૂતોએ તલોદ મામલતદારને તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાં આવેદનપત્ર આપ્યું હતુ. પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજના કરોલ, ધડકણ, તાજપુરકુઈ, વડવાસા, લીમલા સહિત વગેરે ગામોમાં બાઈક રેલી યોજી પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે આવી પ્રાંતિજ-તલોદના પ્રાંતિજ અધિકારી સોનલબા પઢેરીયાને આવેદનપત્ર આપીને રજુઆતો કરી.

ટીચર યુનિવર્સીટીને વૈદ્યાનિક દરજ્જો પ્રાપ્ત થતાં ટૂંક સમયમાં પ્રથમ કોન્વોકેશન યોજાશે

ટીચર યુનિવર્સીટી (IITE)ના કુલપતિ શ્રી પ્રો. શશીરંજન યાદવે જણાવ્યું હતું કે ટીચર યુનિવર્સીટીની પ્રથમ ચાર બેચની ડીગ્રીને વૈદ્યાનિક કરતુ બીલ રાજ્યસભામાં પાસ થતા એક બાજુ પ્રથમ ચાર બેચની ડીગ્રીની માન્યતાના પ્રશ્નો દુર થયા અને બીજી બાજુ વર્ષો જૂની માંગ પૂરી થતા ટીચર યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે. નોંધ કરવા જેવું છે કે સન ૨૦૧૧માં જ્યારે ટીચર યુનિવર્સીટીના કોર્સ ચાલુ કરવામાં આવ્યા ત્યારે બી.એસ. સી. બી.એડ અને બી. એ. બી.એડ. નામાભિધાન વાળા કોર્સ માટે કોઈ પણ પ્રકારના nroms કે regulations ન હતા. હાલાંકી, ૪ વર્ષીય આ કોર્સ RIE - મૈસુર, અજમેર, ભુવનેશ્વર અને ભોપાલમાં છેલ્લા ૫૦ વર્ષો થી ચાલતા હતા. પણ એ સંસ્થાઓ NCTE કરતા જૂની હોવાથી તેમની ડીગ્રીની વૈધતાનો કોઈ પ્રશ્ન ન હતો. તે વખતના મુખ્યપ્રધાન અને હાલના વડાપ્રધાન શ્રી મોદીનું ટીચર એજ્યુકેશનમાં આ એક મોટુ રીફોર્મ હતું. જે NCTEની બિનકાર્યક્ષમતાના લીધે કાનુનના આટાપાટામાં ફસાયું હતું અને વર્ષો સુધી ટલ્લે ચડતું રહયું. શરૂઆતના વર્ષોમાં ટીચર યુનિવર્સીટી તરફથી ડીગ્રીની માન્યતા માટેના ખુબ પ્રયત્નો થયા પરંતુ કોંગ્રેસની કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત પ્રત્યેની દુર્ભાવના પ્રેરિત રાજનીતિના લીધે આ કાર્ય લંબાતું ગયું. શરૂઆતના સમયમાં કરેલી અરજીઓનો કોઈ જવાબ મળતો ના હતો. તે સમયે એવું કેહવામાં આવ્યું કે આ કોર્ષને ઈનોવેટીવ કોર્ષ તરીકે ગણીને તેની જુદી માન્યતા લેવી પડે. આમ, બને તેટલા પ્રયત્નો કરીને ગુજરાત સરકાર સાથે ઓરમાયું વર્તન કરનારી કેન્દ્ર સરકારે પરમિશનની વાતને જે કે મૂળતઃ ભારતીય ટીચર એજ્યુકેશન જગતમાં એક મોટું રીફોર્મ હતું તે બાબતને આડે પાટે ચડાવી દીધી. હાલાંકી ગુજરાત સરકારે આ ડીગ્રીઓને વૈધાનિક ગણતા વિદ્યાર્થીઓને થોડીક રાહત મળી. નવી સરકાર બનતા ડિગ્રીઓને વૈધાનિક ગણવા માટેની પ્રક્રિયા શરુ થઈ અને દ્રઝ્ઈ દ્વારા એક અત્યંત લાંબી પ્રક્રિયા બાદ આજરોજ રાજ્યસભામાં બીલ પાસ થતા હવે ડિગ્રીઓની માન્યતા માત્ર એક કદમ દુર છે. બંને ગૃહોની માન્યતા મળ્યા પછી NCTE થોડા દિવસોમાં ઈન્સ્પેકશન કરી ડીગ્રીની માન્યતા આપશે. આ ભગીરથ કાર્યમાં ટીચર યુનિવર્સીટીના વિદ્યાર્થીઓએ અત્યંત સહનશીલતા, સમજદારી, ધૈર્ય અને વિશ્વાસ મુકીને સંપૂર્ણ વ્યવસ્થામાં જે અદમ્ય વિશ્વાસ મુક્યો તેના માટે ટીચર યુનિવર્સીટી તરફથી બધાજ વિદ્યાર્થીઓનો આભાર.

કુલપતિશ્રી યાદવે વધુમાં જણાવ્યું હતું કે શીઘ્ર ફર્સ્ટ કોન્વોકેશનની તૈયારીઓ શરુ કરવામાં આવશે જે માટે છાપાઓમાં જાહેરાત આપવામાં આવશે.

ગેંગ ઝડપાઈ... ● ત્રીજા પાનાનું ચાલુ

ટોળકી ભાગી ગઈ હતી. કારમાં ૧૨ હજાર રૂપિયા રોકડા, આધારકાર્ડ, એટીએમ કાર્ડ, પાનકાર્ડ, ઓરિજનલ લાયસન્સ સહિત કારના તમામ દસ્તાવેજો હતા. ૧૬ ડિસેમ્બરે બનેલી ઘટનાને પગલે બિજલભાઈએ બે દિવસ બાદ પેથાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પેથાપુર પોલીસે ચાંદખેડાની ડીમ્પી તથા ગીતા નામની યુવતી અને ચાર અજાણ્યા માણસો સહિત છ શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. દરમ્યાન પેથાપુર પી.એસ.આઈ એ.જી.એનુરકારને આ ગુનાનો પર્દાફાસ કરવામાં સફળતા મળી છે. પેથાપુર પોલીસની ટીમ દ્વારા બાતમીના આધારે કલોલ ખાતે રહેતા મનુ ફકીરજી ઠાકોર તથા મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલા થોર ગામમાં રહેતા કેતન બાબુભાઈ રાવળ મળીને બે શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. આ વિચિત્ર હનીટ્રેપની ધાડ પાડુ ગેંગે લુટી લીધેલી ક્રેટા ગાડી છત્રાલ ખાતે બિનવારસી હાલતમાં મૂકી દીધી હતી તે ગાડી કબજે લેવામાં આવી છે. તે ઉપરાંત આ ધાડના ગુનામાં વપરાયેલી રીક્ષા પણ જપ્ત કરવામાં આવી છે. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરીને અન્ય ફરાર આરોપીઓને શોધી કાઢવા માટે તજવીજ શરૂ કરી છે.

૩૬ કેમ ?... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીતારામને કહ્યું હતું કે, જુના કોન્ટ્રાક્ટને બદલીને નવો કોન્ટ્રાક્ટ તૈયાર કરાયો હતો. નવા કોન્ટ્રાક્ટમાં એચએએલને દૂર કરીને અનિલ અંબાણીને લાવવામાં આવ્યા છે. એએને લાવનાર કોણ છે. જો પડોશી એટલા ખતરનાક છે તો ૧૨૬ની જગ્યાએ ૩૬ રાફેલ વિમાન જ કેમ. ૧૨૬ કેમ નહીં. વડાપ્રધાને સંરક્ષણ મંત્રાલયને બાયપાસ કરીને જાહેરાત કેમ કરી હતી.

સિવિલમાં બાયો મેડીકલ વેસ્ટના મશીનનો પ્રારંભ

મશીનથી જંતુરહિત થયેલા પ્લાસ્ટીકમાંથી વિવિધ ચીજવસ્તુઓ બનશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયો મેડીકલ વેસ્ટના મશીનનો આજથી તંત્ર દ્વારા વિધીવત પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મશીન મુકવામાં આવ્યું છે. આ મશીનની અંદાજીત કિંમત રૂ.૭૦ લાખ છે. આ મશીનમાં રેડ કેટેગરીમાં આવતા બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કરવામાં આવશે. જેમાં ગ્લુકોઝની પ્લાસ્ટીક બોટલ, ઈન્જેકશનની નિડલ, પ્લાસ્ટીકની નળી, સહિતની ચીજવસ્તુઓને જંતુ રહીત કરી દેવામાં આવશે. ત્યારબાદ આ વસ્તુઓને રી-સાઈકલ કરી શકાશે. મશીનમાંથી જંતુ રહીત થયેલા પ્લાસ્ટીકમાંથી ડોલ, બકેટ, ટબલર, સુપડી સહિતની વિવિધ ચીજવસ્તુઓ

બનાવવા માટે આ પ્લાસ્ટીકનો ઉપયોગ કરી શકાશે. ત્યારે અગાઉ જે કચરો સળગાવીને નાશ કરવામાં આવતો હતો.તેનાથી પ્રદુષણ પણ ફેલાતુ હતું, તેના ઉપર પણ આ મસીન દ્વારા નિયંત્રણ લાવવામાં આવશે. જયારે બાયોમેડીકલ વેસ્ટ પર્યાવરણ માટે પણ હાનિકારક છે. આ મશીન ઓસ્ટ્રેલીયાથી લાવવામાં આવ્યું છે. જે યુનાઈટેડ નેશનલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા મુકવામાં આવ્યું છે. ગાંધીનગર સિવિલ ખાતે આવેલા એનીમલ હાઉસમાં આ મશીન ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું છે. પ્લાસ્ટીકની ચીજવસ્તુઓને પાણીથી ઓટોમેટીક જંતુ રહીત કરી દેવામાં આવશે. આ મશીનના રેડીએશન કે અન્ય કોઈ આડ અસર થતી નથી.

તમામ ડેપો-કંટ્રોલ પોઈન્ટ ખાતે બુકીંગ કાઉન્ટર્સ શરૂ કરાયા : ૩૧,૬૪૮ પરીક્ષાર્થીઓએ બુકીંગ કરાવ્યું

ગાંધીનગર, તા. ૪

લોકરક્ષક દળની ભરતી પરીક્ષાના પરીક્ષાર્થીઓને તા.૬ઠ્ઠી જાન્યુઆરીએ વિનામૂલ્યે મુસાફરી કરાવવાની જાહેરાતના અનુસંધાને ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટેશન કોર્પોરેશને પરીક્ષાર્થીઓને એડવાન્સ બુકીંગ સીસ્ટમનો ઉપયોગ કરીને બસમાં પોતાની સીટનું રિટર્ન ટિકિટ સાથે બૂકીંગ કરાવી લેવાની અપીલ કરી છે.

લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓની સવલત સચવાય અને વ્યવસ્થા જળવાય એ હેતુ એસ.ટી.નિગમના તમામ ડેપો, કંટ્રોલ પોઈન્ટ ખાતે એડવાન્સ બુકીંગ કાઉન્ટર્સ શરૂ કરવામાં આવ્યા છે. લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓના ફોટો આઈ.ડી.પ્રુફ કોલ લેટરના નંબર પરથી પરીક્ષાર્થીઓની બસ ટિકિટ એડવાન્સમાં બુક કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૩૧,૬૪૮ પરીક્ષાર્થીઓએ મુસાફરી ટિકિટોનું એડવાન્સ બુકીંગ કરાવી લીધું છે.

એસ.ટી. કોર્પોરેશન દ્વારા જણાવાયું છે કે, એસ.ટી.ના દરેક ડેપો પોતાની શિડ્યુલ ટ્રીપો ઉપરાંત લોકરક્ષક દળની ભરતી પરીક્ષા માટે જરૂરિયાત મુજબ એડવાન્સ બુકીંગમાં નવી ટ્રીપો ઉમેરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૨,૧૬૨ નવી ટ્રીપો ઉમેરવામાં આવી છે.

એસ.ટી.ના દરેક વિભાગોમાં ૨૪૮૭ કાર્યરત રહે તેવા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મધ્યસ્થ કચેરી, અમદાવાદ ખાતે પણ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. લોકરક્ષક દળની ભરતી પરીક્ષાના પરીક્ષાર્થીઓને કોઈ તકલીફ ન પડે તેની ચીવટભરી વ્યવસ્થા કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં ૪૭૭૭ હેક્ટરમાં ચણા અને ૩૦૦૦ હેક્ટરમાં ટામેટાની વાવણી પર ઈયળ ત્રાટકી

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રો પરંપરાગત ધાન્ય અને

રોકડીયા પાકોની ખેતીમાં પોષણક્ષમ ભાવ ન મળતા બાગાયતી ખેતી તરફ ફંટાયા છે. અરવલ્લી જીલ્લામાં ૩૦૦૦ હેક્ટરમાં ખેડૂતોએ ટામેટાની ખેતી કરી છે. બીજી બાજુ પાણીના અછતના કારણે જીલ્લામાં ચણાનું પણ ૪૭૭૭ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે, પરંતુ કુદરત જાણે ખેડૂતનો પીછો છોડવા માંગતું ના હોય તેમ ટામેટાના પાકમાં લીફમાઈનર નામની ઈયળ અને ચણામાં લીલી ઈયળ દેખાતા ખેડૂતોમાં નુકશાનની ભીતિ સેવાઈ રહી છે. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં ટામેટા તેમજ ચણાના વાવેતરમાં ઈયળના ઉપદ્રવથી પાકનો નાશ થવાના એંધાણથી ખેડૂતો ચિંતિત બન્યા છે.

મોડાસા તાલુકાના બોરડીકંપા સહિત આસપાસના વિસ્તારોમાં ખેડૂતોએ બાગાયતી પાક તરીકે ટામેટાની ખેતી કરી છે. ટામેટાના છોડ પર મોટા પ્રમાણમાં લીફ માઈનર નામની ઈયળ જોવા મળતા ખેડૂતો ચિંતિત બન્યા છે.

લિફલાઈનર ઈયળ ટામેટાના છોડના પાન સફાચટ કરતી હોવાથી ટામેટાનો છોડ સુકાઈ જતા સંપૂર્ણ ખેતીજ નાશ થતી હોવાથી ખેડૂતો દ્વારા દવાનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરી છે. ૪૭૭૭ હેક્ટરમાં ચણાની ખેતી કરનાર ભૂમિપુત્રો લીલી ઈયળોએ ચણાના પાકમાં મોટા પ્રમાણમાં ત્રાટકી ચણાના પોપચામાં પેસી ચણાનો નાશ કરતી હોવાથી ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ છે. એકબાજુ વરસાદ પુરતા પ્રમાણમાં ન થતા પાણીની ઓછી જરૂરિયાત વાળી ચણાની ખેતી કરી સારા ઉત્પાદન મળવાની રાહ જોઈ બેઠેલા ખેડૂતોને કુદરતનો બેવડો માર સહન કરવાનો વારો આવતા ખેડૂતોની હાલત કફોડી બને તો નવાઈ નહિ.

ચણામાં ઈયળોને નાથવા ખેતીવાડી અધિકારી જે.આર. પટેલના જણાવ્યા અનુસાર ચણાના પાકમાં ઈયળનો ઉપદ્રવ નાથવા માટે ખેડૂતોએ લાકડાના ટેકા ઉભા કરવાની સાથે નીમ ઓઈલનો છંટકાવથી ઈયળોના ઉપદ્રવને નાથી શકાય છે. પીનલ ફોર્સ, પ્રોફેનો ફોર્સ દવાનો પણ સચોટ અસરકાર હોવાનું જણાવ્યું હતું. સેઢા પર ઝાડની સંખ્યા ઘટતા પક્ષીઓ નહિવત રહેતા ઈયળોનો ઉપદ્રવ વધ્યો છે. પહેલા પક્ષીઓ ઈયળોનો નાશ કરતી હતી.

મંદિર મામલે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુનાવણીને લઈને તમામની નજર આના ઉપર કેન્દ્રિત હતી. મુસ્લિમ પાર્ટીઓ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, ૧૯૮૪માં ઈસ્માઈલ ફારુકી કેસમાં સુપ્રીમ કોર્ટે પોતાના જજમેન્ટમાં કહ્યું હતું કે, મસ્જિદમાં નમાઝ અદા કરવાની બાબત ઈસ્લામનો કોઈ ભાગ નથી. આવી સ્થિતિમાં આ ચુકાદાને ફરી એકવાર ધ્યાનથી જોવાની જરૂર દેખાઈ રહી છે જેથી આ મામલાને પહેલા બંધારણીય બેંચને મોકલવાની રજૂઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં અગાઉ કહ્યું હતું કે, મામલાને બંધારણીય બેંચને મોકલવામાં આવશે નહીં. રામલલ્લા વિરાજમાન તરફથી એડવોકેટ ઓનરેકોર્ડ વિષ્ણુ જૈને દલીલ કરી હતી કે સુનાવણી ખુબ મહત્વપૂર્ણ છે. હિન્દુ અને મુસ્લિમ પાર્ટીઓ વચ્ચે માલિકીના મુદ્દે સદીઓ જુના વિવાદ ઉપર હવે સુનાવણી થનાર છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ ખાતે ૨.૭૭ એકર જમીન ઉપર માલિકીને લઈને હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે સદીઓથી વિવાદ જારી છે. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેની સામે સતત અરજીઓ કરવામાં આવી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપતા વિવાદાસ્પદ જમીનને ત્રણ ભાગોમાં વિભાજિત કરી હતી જેમાં રામલલ્લા, સુન્ની વક્ફ બોર્ડ અને નિરમોહી અખાડા વચ્ચે જમીન વિભાજિત કરી હતી. તત્કાલિન સીજેઆઈ દિપક મિશ્રા, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસ અબ્દુલનઝીરની બેંચે છેલ્લા ચુકાદામાં સાત વર્ષ જુની અરજી પર વહેલીતકે સુનાવણી આડેની અડચણોને દૂર કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને આ અરજી દાખલ કરવામાં આવી હતી. સાથે સાથે પેન્ડિંગ અરજીઓને પાંચ જજની બેંચ સમક્ષ મોકલી દેવાની મુસ્લિમ પાર્ટીઓની અપીલને પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. બહુમતિ સાથે ચુકાદો આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે પાંચ સભ્યોની બેંચના મસ્જિદમાં નમાઝ ઈસ્લામ માટે ફરજિયાત નહીં ગણાવવાના અગાઉના ચુકાદાને યોગ્ય ઠેરવીને આને મોટી બેંચને સોંપવાનો ઈન્કાર કરી દીધો હતો. મસ્જિદમાં નમાઝને લઈને સ